# આજથી બે દિવસ ચૂંટણીપંચ ગુજરાતમાં

ગાંધીનગર, તા. ૧

ગુજરાત રાજયમાં હાલ વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ યોજવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ સંદર્ભમાં ભારતનું ચૂંટણી પંચ તેના અધિકારીઓ સાથે તા. ૨ નવેમ્બર-૨૦૧૭ અને તા. ૩ નવેમ્બર-૨૦૧૭ દરમિયાન રાજયની મુલાકાત લેનાર છે. આ મુલાકાત દરમિયાન ચૂંટણી પંચ માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષો સાથે સવારે ૧૧.૩૦ થી બપોરે ૧.૦૦ વાગ્યા દરમ્યાન સર્કિટહાઉસ, એનેક્ષી, અમદાવાદ ખાતે મીટીંગ યોજી તેમની રજૂઆતો સાંભળશે. તે ઉપરાંત ચૂંટણી પંચ તે જ દિવસે બપોરે ૨.૩૦ વાગ્યાથી રાજ્યના પોલીસ અધિકારીઓ સાથે મીટીંગ યોજી ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનો રીવ્યુ કરશે. સાથોસાથ રાજ્યના તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે પણ મીટીંગ યોજી જિલ્લામાં પોલીંગ સ્ટાફ, ઈવીએમ/વીવીપેટ, ચૂંટણી સામગ્રી સહિત ચાલી રહેલી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા અંગે માહિતી મેળવશે.

બીજા દિવસે તા. ૩-૧૨-૨૦૧૭ના રોજ સવારે ૧૦.૦૦ વાગ્યાથી મુખ્ય ચૂંટણી અધિકારી તથા અધિક પોલીસ મહાનિર્દેશક (એડીએમ) સાથે, મુખ્ય સચિવશ્રી તથા રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ સાથે બપોરે ૧૨.૩૦ કલાકે મીટીંગ યોજશે. તે ઉપરાંત, કેન્દ્ર સરકારના અધિકારીઓ સાથે પણ ચૂંટણી પંચ મીટીંગ યોજશે.



ફુટપાથનું વિસ્તરણ - શહેરમાં આજકાલ આંતરિક માર્ગો પર પણ ફુટપાથ નિર્માણનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે... મુખ્ય માર્ગોની બંને બાજુએ ફુટપાથ ઘણા લાંબા સમયથી છે... પરંતુ આંતરિક માર્ગો પર પણ ફુટપાથની કામગીરી ચૂંટણીની જાહેરાત પૂર્વે આરંભાઈ હતી... શહેરના તમામ સેક્ટરોના આંતરિક માર્ગો પર ફુટપાથ બની ગયા પછી ડસ્ટ ફ્રી સીટી બનાવવાની દિશામાં વધુ એક કદમ ગણાવી શકાય... સાથોસાથ શહેરની રોનકમાં પણ વધારો થઈ શકશે.....

## ‘બફાટ ના કરે તો તે કોંગ્રેસ નહિ’ રોજીંદુ સત્ય બનતું જાય છે

‘બફાટ ના કરે તો તે કોંગ્રેસ નહિ’, આ વાક્ય સાચુ પાડવા માટે રોજેરોજ કોંગી નેતાઓ બફાટ કરવામાં પાછા પડતા નથી..! રાજબબ્બરથી લઈ મનોજ ગુપ્તા સુધી બફાટ કરવાનું ચુક્યા નથી. હકીકતોની ખરાઈ કર્યા સિવાય બોલવાની કુટેવ પક્ષની ઈમેજને કેટલુ નુકશાન કરે છે તે કોંગ્રેસને હજુ પણ સમજાતુ નથી કે સમજવા માંગતા નથી! છે. મતદારો સાચા-ખોટાનો ભરમ-ભેદ ઉકેલી શકે છે એટલે સાવધાન રહેવાની જરૂર છે. ભાષણોની એની એજ લઢણથી હવે પ્રજા અબખે પડી ગઈ છે. જો એમાં ફેરફાર નહિ આવે તો શરમથી, પૈસાથી કે પરાણે આવતા શ્રોતાઓ પણ બ્હાના બતાવી છટકી જશે. અને હા મોદી સાહેબની કોપી કરવાની જાણે સ્પર્ધા ચાલતી હોય એમ




### વિષયના ઉંડાણમાં ગયા સિવાય ફેંકાફેંક કરવાની ભાજપની ટેવ બુમરેંગ થઈ રહી છે

રણદિપ સુરજેવાલા કે આનંદ શર્મા જેવા અભ્યાસુ વક્તા-પ્રવક્તાને વધુમાં વધુ પ્રોજેક્ટ કરવાનું કોંગ્રેસ કેમ ટાળે છે તે પ્રશ્ન આજે પણ વણઉકેલ્યો છે..! કોંગ્રેસ પણ તેની વાત કરવામાં અસમર્થ લાગતી હોય તેવો અહેસાસ થાય છે. ભૂતકાળના ૨૨ વર્ષના અનુભવ પછી પણ ભાજપને ભાંડવાની પરંપરામાંથી કોંગ્રેસ કેમ બહાર નથી આવતી..?! એ મુંઝવણ છે. પોતાની સિદ્ધિઓ - પોતાની સેવાઓ અને કામના સરવૈયાઓ રજુ કરવાની વાત કોરાણે મુકી માત્ર મોદીની વાત કરતી કોંગ્રેસ ફરીથી ‘જુની ચાલ’માં ફસાઈ તો નથી રહી ને..?!

... અને હા જુઠ્ઠુ બોલવું - જોરથી બોલવું - વારંવાર બોલવું..! તેનાથી પ્રજા વાકેફ થઈ જતાં ભાજપે શૈલી બદલવી જોઈએ..! જો જીતવું જ હોય તો..! ભાજપના નેતાઓ પણ કોંગી નેતાઓની જેમ બફાટ કરવામાં પાછુ વાળીને જોતાં નથી. વિષયના ઊંડાણમાં ગયા સિવાય ફેંકાફેંક કરવાની ટેવ બુમરેંગ થઈ રહી છે. હવે પોલ ખુલતી જાય બધા નેતાઓ ભાષણો ઝીંકે રાખે છે. અને જો આમ જ ચાલશે તો નેતા ભાષણ કરે એ પહેલા શ્રોતાઓ બોલશે... ‘ભાઈઓ અને બહેનો...’ અને એ ફજેતી કોઈનાથી સહન નહીં થાય. ભાજપને ગમે કે ના ગમે... સ્વીકારે કે ના સ્વીકારે... ક્યાં ૧૯૮૦-૮૫નું ભાજપ અને ક્યા આજનું ભાજપ..! માત્ર ૧૫-૨૦ વરસમાં સત્તાના નશામાં સંસ્કારો કેવા ચીંથરેહાલ થઈ રહ્યા છે, તેવી ચર્ચાઓ ચોરે ને ચૌટે ચાલે છે. આ પ્રતિભાવ એસી ચેમ્બરોમાં પહોંચતો હોય કે ના પહોંચતો હોય પણ ભાજપની છાપ ગઈકાલ કરતાં આજે બગડી રહી છે. ચેતવાની આવશ્યકતા છે. અને આ શબ્દો ચેતવણીના છે. માત્ર ટીકાના નથી વેદનાના પણ છે.

ચૂંટણીના પ્રચાર અભિયાનમાં બન્ને પક્ષો મુદ્દાથી ભટકી રહ્યાં છે. કાદવ ઉછાળવામાં સ્પર્ધા જામી છે. બીજાની લીટીઓ ભુંસીને પોતાની લીટીને મોટી દેખાડવાનો પ્રયત્ન કરતાં વામણા નેતાઓને માપી

● અનુસંધાન પાન-૫ પર

## ઉત્તરની બેઠક પર બન્ને પક્ષોને પ્રજાએ તક આપી પરંતુ કામ થયા નથી : રોહીત નાયાણી

**આ વર્ષે પ્રથમવાર આ બેઠક પર ત્રિપાંખિયો જંગ છે : રાજયના ચુંટણી પરિણામના અંતે એન સી પી કીંગ મેકર બનશે : ગાંધીનગરના યુવાનો પણ હવે નવા ચહેરાને તક આપશે**

ગાંધીનગર તા ૧

**સીધો સંવાદ - ધનંજય જોષી**

અખબાર અને સાંસ્કૃતિક ગૃપના માધ્યમથી પ્રજા સાથે જોડાયેલા રોહીત નાયાણી અત્યાર સુધી એક પણ રાજકીય પક્ષ સાથે જોડાયેલા ન હતા. પરંતુ ચુંટાયેલા પ્રતિનિધિઓની નિષ્ક્રીયતાના લીધે રાજકારણમાં ઝંપલાવાનુ મન થયુ હોવાનુ કહેતા રોહતી નાયાણી એન સી પી માંથી ઉત્તરની બેઠક પરથી ચુંટણી લડી રહયા છે. તેમના મતે આ બેઠક પર



પ્રથમવાર ત્રિપાંખિયો જંગ છે. જયારે ગુજરાતમાં પણ પરિણામ બાદ એન સી પી કીંગ મેકરનો રોલ અદા કરશે.

**સાપ્તાહીક અખબારના તંત્રી અને સાંસ્કૃતિક સંસ્થાના સંચાલક હોવાછતા રાજકારણમાં આવવાની કેમ ઇચ્છા થઇ ?**

છેલ્લા ૧૫ વર્ષમાં ગાંધીનગર ઉત્તરની બેઠક પર ભાજપના બે અને કોંગ્રેસના એક ધારાસભ્ય ચુંટાયા. પરંતુ તેઓ લોકસંપર્કમાં રહયા નથી. ચુંટાયેલા પ્રતિનિધિઓએ નિષ્ક્રીયતા દાખવી છે. સેકટરોમાં કોઇને ખ્યાલ નથી આપણા લોકપ્રતિનિધિ કોણ છે. રળિયામણા ગાંધીનગરમાં બેફામ દારૂ જુગારના અડ્ડા ચાલે છે. લોકપ્રતિનિધિઓએ નિરસતા દાખવી છે. કામ કર્યા નથી.

**એન સી પી એ કેમ ઉમેદવાર તરીકે તમારી પસંદગી કરી ?**

પક્ષમાંથી કોઇએ ટીકીટ માટે દાવેદારી કરી ન હતી. જયારે ચાર મહીના અગાઉ જ પક્ષે સર્વે કરાવ્યો ત્યારે જ મને ઉમેદવારી કરવા માટે તૈયાર રહેવા જણાવ્યુ હતુ.

**પરંતુ તમે તો ભાજપમાંથી ટીકીટ માટે દાવેદારી કરતા હતા ને ..?**

હા...ભાજપમાંથી અંત સુધી ટીકીટ માટેની આશ હતી ..બીજીતરફ એન સી પીનુ આમંત્રણ હતુ અને ભાજપમાંથી ટીકીટ મળશે તેમ લાગતુ હતુ. કારણ કે હુ કોઈ રાજકીય પક્ષ સાથે જોડાયેલો ન હતો. પરંતુ ભાજપના હાઈકમાન્ડે પટેલ ફેકટરને ધ્યાને લઈ આ નિર્ણય લીધો હોય તેમ લાગે છે.

**ગાંધીનગર ઉત્તરના મતદારો તમને શા માટે મત આપશે ?**

ઉત્તરની બેઠક પર પ્રથમવાર ત્રિપાંખીયો જંગ છે. આ બેઠક પર ૧.૧૬ લાખ જેટલા યુવા મતદારો છે. જે ૧૯ થી ૩૫ વર્ષની વયના છે. નગરના યુવાનોને કાંઈક નવુ કરવાના મારા મિજાજનો ખ્યાલ છે.

● અનુસંધાન પાન-૫ પર

# ૨૦૧૨ની ચૂંટણીમાં ૪૩ પૈકી ૩૩ ઉમેદવારોએ ડિપોઝીટ ગુમાવી હતી

**૨૦૧૨ કરતાં ૨૦૧૭માં મહિલા ઉમેદવારોની સંખ્યામાં ઘટાડો થયો : ૨૦૧૨માં એક મહિલા ઉમેદવાર વિજયી થયા હતા તો ૩ મહિલા ઉમેદવારોએ ડિપોઝીટ ગુમાવી હતી**

ગાંધીનગર, તા. ૧

૨૦૧૨ની વિધાનસભામાં ગાંધીનગર જિલ્લામાં ૩૩ ઉમેદવારોની ડિપોઝીટ ડુલ થઈ હતી.

જિલ્લામાં ૨૦૧૨માં યોજાયેલ ચૂંટણીમાં પાંચેય બેઠક પર માત્ર ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોની જ ડિપોઝીટ બચી હતી. જિલ્લાની પાંચ બેઠક પર ૪૩ ઉમેદવારો મેદાનમાં હતા.

સૌથી વધુ ડિપોઝીટ કલોલ વિધાનસભામાં જપ્ત થઈ હતી. કલોલમાં ૧૨ ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત થઈ હતી. આ પછી બીજા ક્રમે ગાંધીનગર (ઉ) બેઠક આવે છે. જ્યાં ૬ ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત થઈ હતી. જ્યારે ગાંધીનગર (દ) દહેગામ અને માણસામાં પાંચ-પાંચ ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત થઈ હતી.

ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૨માં ૪ મહિલા ઉમેદવારોએ જંગમાં ઝુકાવ્યુ હતુ જયારે ૨૦૧૭ના જંગમાં માત્ર ૩ મહિલા ઉમેદવારોએ ઝુકાવ્યુ છે. ૨૦૧૨માં દહેગામ બેઠક પર મહિલા ઉમેદવાર વિજયી થયા હતા, જ્યારે અન્ય ૩ મહિલા ઉમેદવારે તેમની ડિપોઝીટ ગુમાવી હતી.

૨૦૧૭માં ૩ મહિલા ઉમેદવારો મેદાનમાં છે. જે પૈકી દહેગામ બેઠક પર વિજયી બનેલ મહિલા ઉમેદવાર કામીનીબા રાઠોડે આ વખતે પુનઃ ઝંપલાવ્યુ છે. આ ઉપરાંત કલોલ અને ગાંધીનગર (ઉ) બેઠક પર એક-એક મહિલા ઉમેદવારે મેદાનમાં ઝુકાવ્યુ છે જે નોંધનીય છે.

જિલ્લામાં ૫ લાખથી વધુ મહિલા મતદારો નોંધાયેલા છે. ભાજપે જિલ્લામાં એક પણ મહિલા ઉમેદવારને ટિકિટ આપી નથી.

ગાંધીનગર જિલ્લામાં હાલ બધા ઉમેદવારોએ ધીમી ગતિએ તેમના પ્રચાર અભિયાનનો પ્રારંભ કરી દીધો છે. જો કે પાંચમી ડિસેમ્બર પછી જિલ્લામાં પ્રચાર અભિયાન વેગીલુ બનશે તેવા રાજકીય વર્તુળોમાંથી સંકેતો મળી રહ્યા છે.

## આજે મનમોહનસિંહ સુરત આવશે : વેપારીઓ સાથે મુલાકાત

સુરત,તા.૧

સુરત કોંગ્રેસ અને પ્રદેશ કોંગ્રેસના નેતાઓની ચાલતી જુથબંધીને પગલે આવતીકાલ શનિવારના માજી વડાપ્રધાન મનમોહન સિંહના કાર્યક્રમમાંતી પણ સ્થાનિક નેતાઓની બાદબાકી થઈ ગઈ છે. આ સ્થાનિક નેતાઓને કાર્યક્રમમાં તો સ્થાન મળશે પણ કાર્યક્રમ અંગે કોઈ પણ પ્રકારનું ઈન્વોલમેન્ટ કરવામાં આવ્યું નથી. ગુજરાત બહારની ટીમે જે રીતે રાહુલ ગાંધીના કાર્યક્રમને સફળ બનાવ્યો હતો તેવી જ સ્ટેટેજી મન મોહનસિંહના કાર્યક્રમને સફળ બનાવવા માટે અપનાવવામાં આવી રહી છે. ગુજરાત વિધાનસહબાની ચુંટણીના પ્રચાર માટે માજી વડાપ્રધાન મન મોહનસિંહ આવતીકાલે સુરતના પ્રવાસે આવી રહ્યાં છે. સુરતના સાયન્સ સેન્ટરમાં શડેરના પ્રબુધ્ધ નાગરિકો સાથે તેઓ એક બેઠક કરશે અને ત્યાર બાદ તાજ હોટલમાં પત્રકાર પરિષદને સંબોધશે. સુરતના આ કાર્યક્રમ માટે સ્થાનિક નેતાઓને ઈન્વોલ કરવામા આવ્યા ન હોવાનું કોગ્રસમાં ચર્ચાઈ રહ્યું છે. ગુજરાત બહારથી આવેલી ટીમે જ મન મોહનસિંહના કાર્યક્રમનું આયોજન કર્યું છે.

# ચૂંટણીના જંગમાં મેષ રાશિનો દબદબો

**જંગમાં ૪૩ ટિકિટો મેળવનાર મિથુન રાશીના નામ ધારકો બીજા સ્થને છે : જ્યારે ૪૧ કુંભ રાશીના નામ ધારકો ત્રીજા સ્થાને છે : જ્યારે કર્ક રાશી છેલ્લા સ્થાને છે**

વિધાનસભાની ચૂંટણીમાં હવે અનેક રંગ જામતા જાય છે. ઉમેદવારની ઉમંર-જ્ઞાતિ-સંપત્તિ-ગુનેગારી જેવા વિવિધ વિષયો ઉપર વિશ્લેષણ થાય છે. જ્યારે આજે અલગ પ્રકારનું વિશ્લેષણ કરાયું છે. જેમાં કઈ રાશિના ઉમેદવારો ટીકીટ મેળવવામાં વધુ સફળ રહ્યા છે અને કઈ રાશિના ઉમેદવારો ખુબ જ ઓછી ટીકીટ મેળવી શક્યા છે.

**કઈ રાશિના કેટલા ઉમેદવારો**

| રાશિ | ભાજપ | કોંગ્રેસ | કુલ |
|---|---|---|---|
| મેષ | ૧૬ | ૩૨ | ૪૮ |
| વૃષભ | ૨૦ | ૧૬ | ૩૬ |
| મિથુન | ૨૭ | ૧૬ | ૪૩ |
| કર્ક | ૦૮ | ૦૪ | ૧૨ |
| સિંહ | ૧૪ | ૧૫ | ૨૯ |
| કન્યા | ૧૪ | ૧૮ | ૩૨ |
| તુલા | ૨૦ | ૧૬ | ૩૬ |
| વૃશ્ચિક | ૦૯ | ૦૯ | ૧૮ |
| ધન | ૧૩ | ૧૦ | ૨૩ |
| મકર | ૧૪ | ૧૩ | ૨૭ |
| કુંભ | ૨૦ | ૨૧ | ૪૧ |
| મીન | ૦૭ | ૦૮ | ૧૫ |


રાશિ મંડળમાં અગ્રસ્થાન ભોગવતી મેષ રાશિ એ રાજકારણમાં પણ પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. મેષ રાષિ ધરાવતા ૪૮ દાવેદારોને ટિકિટ મેળવવામાં સફળતા મળી છે. જેમાં ૧૬ ભાજપમાં અને ૩૨ કોંગ્રેસમાંથી ટીકીટ મેળવી શક્યા છે. જ્યારે મિથુન રાશિ બીજા સ્થાને છે. ૪૩ મિથુન રાશિના દાવેદારોએ ટીકિટ પ્રાપ્ત કરી છે. જેમાં ભાજપમાંથી ૨૭ અને કોંગ્રેસમાં ૨૬ દાવેદારો સફળ થયા છે.

ત્રીજા સ્થાને કુંભ રાશિમાં ૪૧ નામધારકો ચૂંટણીની ટીકીટ મેળવી શક્યા છે. જેમાં ૨૦ ભાજપમાંથી અને ૨૧ કોંગ્રેસમાંથી ટીકીટ મેળવી લીધી છે. આ ઉપરાંત વૃષભ અને તુલા રાશિના ૩૬-૩૬ ઉમેદવારો જંગમાં છે. જેમાં વૃષભમાં ભાજપમાંથી ૨૦ અને કોંગ્રેસમાંથી ૧૬ ઉમેદવારો છે અને એજ સ્થિતિ તુલા રાશિમાં છે.

સૌથી ઓછી ટીકીટો મેળવવામાં કર્ક રાશિના દાવેદારો આવે છે. માત્ર ૧૨ જ ટીકીટ મેળવી કર્ક રાશિના નામધારકોએ સંતોષ માનવો પડ્યો છે. ભાજપમાંથી ૮ અને કોંગ્રેસમાંથી માત્ર ૪ જ ટીકીટો કર્ક રાશિના દાવેદારો મેળવી શક્યા છે. એજ રીતે મીન અને ઋષિક રાશિના દાવેદારોને અનુક્રમે ૧૫ અને ૧૮ ટીકીટો મેળવવામાં નજીવી સફળતા મળી છે. મીન રાશિના ૭ ભાજપમાંથી અને ૮ કોંગ્રેસમાંથી ટીકીટ મેળવી શક્યા છે. જ્યારે ઋષિક રાશિના ૯-૯ દાવેદારો બન્ને પક્ષોમાંથી ટીકીટ મેળવી શક્યા છે.

આ ઉપરાંત સિંહ, કન્યા, ધન અને મકર રાશિના નામ ધારકો મધ્યમસરની ટીકીટો મેળવવામાં સફળ રહ્યાં છે. કન્યાના ૩૨, સિંહના-૨૯, મકરના ૨૭ અને ધનરાશિના ૨૩ નામધારકો ટીકીટ મેળવવામાં સફળ રહ્યાં છે.

### પાંચમી પૂણ્યતિથિએ સ્મરણ



**સ્વ. હેમચંદ્ર શંકરરાવ થોરાત (મેજર)**
સ્થાપક : થોરાત હેમહેલ્થ સેન્ટર, સેક્ટર-૨૭
સ્વ. તા. ૦૨/૧૨/૨૦૧૨

સેક્ટર-૧૬ની માધ્યમિક શાળા પાસેથી પસાર થતાં જ્યાં આપોઆપ નતમસ્તક થવાય છે એવા સૌ વિદ્યાર્થીઓના પ્રિય અને થોરાત પરિવારના આદર્શ પુરુષને પૂણ્ય સ્મરણ...

ગં.ભા. સુશીલા હે. થોરાત
નયન-ડો. અનુપમા, સંજય-ગાયત્રી, વિશાલ-વર્ષા
દેવાંગી-પાર્થ, રિધ્ધિ-અનન્યા, ઋતુશ્રી-પ્રસન્ન
સ્વ. નીતા-દિપક કાળમેઘ, ભવ્ય
વૈશાલી-કૌસ્તુભ શિર્કે, ગૌરી-દેવ
કિરણભાઈ પટેલ (અજન્ટા ટાઈલ્સ)
જયંતિભાઈ રાઠોડ (બેન્ક ઓફ ઈન્ડિયા)

### બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી **કાંતિલાલ જે. ચૌહાણ** તા. ૧૫-૧૧-૨૦૧૭ ના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુને ગમ્યુ તે ખરૂ, સદ્‌ગતનું બેસણું નીચેના સ્થળે અને સમયે રાખેલ છે.

તા. ૦૨-૧૨-૨૦૧૭, શનિવાર - સાંજે ૪-૦૦ થી ૬-૦૦ કલાકે
સ્થળ : ઈચ્છાપૂર્તિ હનુમાન ચોક, ખ-૭, સેક્ટર-૨૭, ગાંધીનગર.

લિ. કનુભાઈ કાંતિલાલ ચૌહાણ (બેંક ઓફ ઈન્ડિયા, ગાંધીનગર)
હંસાબેન કનુભાઈ ચૌહાણ
ચિંતન કે. ચૌહાણ (મેસીબસ, ગાંધીનગર) — કેતકી ચિંતન ચૌહાણ
સૌરભ કે. ચૌહાણ (બ્લર્બ પોઈન્ટ, અમદાવાદ) — પ્રજ્ઞા સૌરભ ચૌહાણ
રહે. ૯૧૯, શિવશક્તિ સોસાયટી, સેક્ટર-૨૭, ગાંધીનગર. મો. ૯૯૨૪૨ ૪૩૪૦૮

### છઠ્ઠી વાર્ષિક પૂણ્યતિથીએ શ્રધ્ધાંજલિ



સ્વ.શ્રી લક્ષ્મણસિંહજી પી. ડાભી (પૂર્વ નગરપતિ : પેથાપુર )
સ્વ તા. ૦૨-૧૨-૨૦૧૧

મરણ કરતા સ્મરણ બળવાન છે, આપની સ્મૃતિ એક વરદાન છે. આપના ચિંધેલા રાહ પર અમે અડગ પણે ચાલતા રહીશું, આપના આત્માને શાંતિ મળે તેવી પ્રભુને પ્રાથના કરતાં રહીશું.

**સૂર્યસિંહજી ડાભી (એડવોકેટ)**
પ્રમુખ - ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ

ગં.સ્વ.સરલાબા ડાભી, ગં.સ્વ.કૈલાસબા રાણા, પારૂલબા ડાભી
સ્વ.એકતાબા દેવડા, સ્વ.ચંદ્રસિંહજી ડાભી, સોનલબા ડાભી
હેતલસિંહ દેવડા, પૃથ્વીસિંહજી ડાભી, હીનાબા ડાભી
જયદેવસિંહ ડાભી, અનિરૂધ્ધસિંહ રાણા, વિજયસિંહ રાણા
જાહ્‌નવીબા, અંજલીબા, કાલીંદીબા, મેઘાબા, વિધીબા, કુશલસિંહ, ધૈર્યદિવસિંહ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com